બુરહાની હોસ્પિટલ

(સંચાલિત: બુરહાની ઈન્ટરનેશનલ મેડિકલ એસોસિએશન રજિ. નં. E/2452)
સરનામું: ૪/૪૬૬૫, કુંવર સિંહ સ્ટ્રીટ, જી.પી.ઓ. સામે, મહિધરપુરા, સુરત - ૩૯૫ ૦૦૩.
ફોન નં.: (૦૨૬૧) ૨૫૦૫૦૫૦ / ૦૨૬૧-૨૫૦૫૨૬૨
સોશિયલ મીડિયા: burhanihospitalsurat

જોઈએ છે
બુરહાની હોસ્પિટલ (ઉમુર સહેત)

૧. મેડીકલ ઓફિસર
૨. નર્સિંગ સ્ટાફ
૩. હાઉસ કીપિંગ સ્ટાફ
૪. મેન્ટેનન્સ સ્ટાફ
૫. એમ્બ્યુલન્સ ડ્રાઈવર
૬. એકાઉન્ટન્ટ
૭. લેબ ટેકનીશિયન (દિવસ / રાત્રિ)
૮. ફાર્માસિસ્ટ
૯. આઈ.પી.ડી. બિલિંગ (દિવસ / રાત્રિ)
૧૦. એક્સ-રે ટેકનિશયન (દિવસ / રાત્રિ)
૧૧. ઓ.ટી. સ્ટાફ (દિવસ / રાત્રિ)

એચ.આર. : 9023235058
ઈમેલ: ceo.burhanihospital@gmail.com

જાહેર ચેતવણી

કેતન અમરસિંગ રાજપુત (પુત્ર)

હું નીચે સહી કરનાર રંજનબેન અમરસિંગ રાજપુત આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવું છું કે, આ સાથે ફોટાવાળી વ્યક્તિ મારો પુત્ર નામે - કેતન છે. મારો પુત્ર મારા તથા પરિવારના અન્ય સભ્યોના સંપૂર્ણ તારીખ : ૦૧-૦૪-૨૦૨૩ ના રોજથી કહયામાં નથી. જેથી જાહેર જનતાએ કે અમોના સમાજના કોઈપણ ઈસમોએ મારા પુત્ર સાથે કોઈપણ નાણાંકીય વ્યવહારો કે તે સ્વરૂપનું અન્ય કોઈપણ વ્યવહારો કે તે સ્વરૂપનું અન્ય કોઈ કાર્ય, કૃત્ય કરવું, કરાવવું નહી, તેમછતાં પણ જો મારા પુત્ર સાથે કોઈ નાણાંકીય વ્યવહારો કે તે સ્વરૂપના અન્ય કોઈપણ વ્યવહારો કે કાર્ય, કૃત્ય કરશે, કરાવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનાર જે તે ઈસમની પોતાની રહેશે અને તેવા વ્યવહારોની સીધી જવાબદારી મારા પુત્ર-કેતન એકલાના શીરે રહેશે સહી, તે અંગે મારી કે મારા પરિવારની કાયદેસરની કોઈ જવાબદારી રહેશે નહી. જે હકીકતે હાલની આ જાહેર ચેતવણી/જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. જેને અચુક ધ્યાને લેશોજી. (તારીખ : ૦૮-૦૯-૨૦૨૬)

મારી મારફત : ડેવિસ એચ. લાલવાળા (એડવોકેટ એન્ડ નોટરી)
ઓફીસ : ૧૧, સરદાર કોમ્પલેક્ષ, નવા કતારગામ પોલીસ સ્ટેશનની બાજુમાં, બાગાતગામ રોડ, કતારગામ, સુરત. મો.નં. ૯૬૦૯૮ ૦૧૪૮૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયનાં સુરત ડીસ્ટ્રીકટ, તાલુકો અઢામાંનાં મોજે **અઢામાનાં** ખાતા નં.૬૯૨, રે.સર્વે નં.૨૬૨, ૨૬૮ તથા **બ્લોક નં.૨૪૮/અ** થી નોંધાયેલી જુની શરતની ખેતીવાયક જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ **હે.આરે. ૧-૯૫-૮૧ ચો.મી.**, જેનો આકાર રૂા.૨૮.૮૩ પૈસા છે, તે ખેતીની જમીન **રામુભાઈ બાબરભાઈ પટેલ** નાઓ એ પોતાની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર, વહીવટ હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનુ જણાવી શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી સદરહું જમીનમાં કે તેના હિસ્સા ઉપર જો કોઈ વંશ, વાલી, વારસ, શખ્સ, બેન્ક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, લેણાં, બોજો, બાનાખત, ચીઠ્ઠી કે દર દાવો હોય યા સદર વેચાણ વ્યવહાર સામે કોઈએ કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી **દીન-૭** માં તે અંગેના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો સદરહું જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદ્દત વીત્યે અમારા અસીલ, સદરહું જમીન વેચાણ રાખવા અંગેની કાયદેસરની તમામ કાર્યવાહી કરી-કરાવીને સદરહુ જમીનના પાકા લખાણ/દસ્તાવેજ કરી-કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી. (તા.૦૮/૦૯/૨૦૨૬)

મારી મારફત : **વિશાલ એલ. ફળદુ** તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : ૯. બીજો માળ, હિરાપન્ના કોમ્પલેક્ષ, રાજહંસ પોઈન્ટ સામે, વરાછા રોડ, સુરત. મો. ૯૮૨૫૨ ૫૦૮૮૫.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે નવસારી જીલ્લા ના નવસારી તાલુકા ના મોજેગામ ધામણ ના બ્લોક નંબર: ૨૯૯, રી સર્વે બાદ નવો બ્લોક નંબર: ૩૧૬, તથા ખાતા નંબર: ૩૪૭, જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે ૦-૮૪-૨૭ ચો.મી. જેનો આકાર રૂા. ૧૨.૩૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન જેના માલિક (૧) જયપ્રકાશ ભુલાભાઈ પટેલ, (૨) નીરુબેન મહેન્દ્રભાઈ પટેલ, (૩) સીમા મહેન્દ્રભાઈ પટેલ, (૪) દિવ્યા મહેન્દ્રભાઈ પટેલ, (૫) શીતલ મહેન્દ્રભાઈ પટેલએ પોતાની પ્રત્યક્ષ કબજા ભોગવટાની સંપુર્ણ ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન અંગે કે કોઈ ઈસમ, સંસ્થા, કે કોઈનો પણ કોઈપણ પ્રકારનો કબજો ભોગવટો હોય કે હકક, હિત, હિસ્સો, કે વારસાઈ હિસ્સો કે દરદાવો, લખાણો, કરારો, સાટાખત વિગેરે હોય કે રસ્તા અંગે યા ઈઝમેન્ટ રાઈટસ, લીયન ચાર્જ, લેણા યા બોજા હોય કે તર-તકરાર હોય તો તેવી વ્યકિત, ઈસમ, સંસ્થાઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળી ખાત્રી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત, સબંધ યા અધિકાર નથી કે તર-તકરાર નથી અને હોય તો તે જતો યાને વેવ કર્યા છે તેમ માની અમારા અસીલ મુદત વિત્યેથી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત સંસ્થાની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધા-વચકાં ચાલશે નહીં. જેની જાહેર જનતાએ, હરકોઈ ઈસમ, સંસ્થાએ તથા તેને લાગતા વળગતાએ નોંધ લેવી.

(તા.૦૮/૦૯/૨૦૨૬)
ઓફીસઃ ૧૦૩, મોર્ડન શોપી, વિજય ડેરીની સામે, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત.
મયંક પી. પટેલ તે ખરીદનારના એડવોકેટ

મોજે સુણેવખુર્દ ના રીસર્વે નંબર ૪૪૪, ૪૪૬, ૪૪૯ તથા ૪૫૦ વાળી ખેતીની જમીનોના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા ભરૂચ ના **તાલુકા હાંસોટ** ના ગામ **મોજે સુણેવખુર્દ** ની **નીચે કોષ્ટકમાં** જણાવેલ જુની શરતની ખેતીની જમીનો તેના મુળ ખેડુત/ માલિક/ કબજેદારોએ તેઓની સંયુકત માલિકી પ્રત્યક્ષ કબજા, વહીવટ–વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહિત હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીનો ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/ હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું–બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન–૭ માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી. મુદ્દત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનોમાં હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો તેના માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

ક્રમ નંબર	બ્લોક નંબર	રીસર્વે નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી)	માલિક કબજેદાર નામ
૧	૬૫૮	૪૪૪	૧–૧૩–૨૯	(૧) મહેશભાઈ રામુભાઈ પટેલ
૨	૬૬૧	૪૪૬	૦–૫૩–૧૮	(૨) ઉમેશભાઈ રામુભાઈ પટેલ
૩	૬૬૨	૪૪૯	૦–૪૪–૯૮	(૩) ભરતભાઈ રામુભાઈ પટેલ
૪	૬૬૩	૪૫૦	૦–૯૬–૮૦	(૪) રાકેશભાઈ રામુભાઈ પટેલ

તા. ૦૮/૦૯/૨૦૨૬
૨૦૨, રાજદીપ કોમ્પલેક્ષ, સીંગણપોર ચાર રસ્તા, વેડરોડ, કતારગામ રોડ, સુરત.
મો.નં. ૯૯૨૪૬ ૪૧૦૨૮
ધવલ એ. ભલાણી (એડવોકેટ) (અસીલની સુચના અને ફરમાઈશથી)

" PUBLIC NOTICE "

NOTICE is hereby given that **NAVKAAR SIGNAGE SOLUTIONS LLP, A Partnership Firm's Partners 1.Goutam Kumar Pratap Chand Jain 2.Kunal Kumar Prakash Kumar Jain, 3.Prem Singh Bhikh Singh,** (hereinafter referred to as the said Mortgagor/Borrower) has created mortgage in respect of the Property more particularly described in the Schedule hereunder in favour of my/our client IDFC First Bank Limited, 212 to 214, 2nd Floor, International Business Centre, Piplod Main Road, Surat 395017, Gujarat.

That, Kailashchandra Kediya expired on 30/09/2021, whereby her legal heirs Viz; 1. Harishkumar Kediya Bajranglal Kediya S/o Kailashchandra Kediya, 2. Maya Kediya widow of Kailashchandra Kediya, 3. Komal Kediya d/o Kailashchandra Kediya, succeeded her title of ownership. Thus, they are only legal heirs or No other legal heir/s of the said property.

Thereafter Said Maya Kediya widow of Kailashchandra Kediya & Komal Kediya d/o Kailashchandra Kediya have release their shares from the said property to Harishkumar Kediya Bajranglal Kediya s/o Kailashchandra Kediya by registered Release deed. The said Release deed was registered in the office of sub registrar Surat vide Registration No. 7203 Dated 19/07/2023.

If any person, body, individual, institution having any claim and /or objection in respect of or against or relating to or touching upon said property by way of sale, lease, lien, mortgage, charge, encumbrance, gift, easement, maintenance, inheritance, testamentary deposition or otherwise or having in their custody any title, documents pertaining the said Properties shall communicate the same to the undersigned at my address within 7 days from the publication of this notice with documentary evidence in support thereof, failing which all the claim, of such person shall be considered to have been waived and or abandoned. Any objections raised after the completion of the 7 days shall not be binding upon the said Property or my Client.

THE SCHDEDULE ABOVE REFERRED TO

An immovable property bearing **Shop Premises No. 11** on the Ground Floor admeasuring 238 sq. fts i.e. 22.11 sq. mts., Along With Undivided Share in the land of **"Bhanvala Apartment"** Situated At Nondh No. 2885-C-1-B-1-B, Ward No. 3 of Mali ni wadi, Pipardi Sheri, City of Surat.

Off.,U-10/11, Diamond World, Mini Bazaar, Varachha Road, Surat(Gujarat)-395006. Mo.No. 84695 69666, **PIYUSH M. BALAR** Advocate

મોજે કાંટા-સાયણના બ્લોક નં.૩૪૬, જેનો રી-સર્વે બાદ બ્લોક નં.૨૫૭, વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડી.: **ભરૂચ,** તા.: હાંસોટના, મોજે **ગામ–કાંટા સાયણ**ના **બ્લોક નં.૩૪૬,** જેનો **રી– સર્વે બાદ બ્લોક નં.૨૫૭,** જેનું ક્ષે.હે.૧–૯૪–૧૪ પ્રતિ આરે ચો.મીટર, જેનો અકાર રૂા.૧૬.૯૦ પૈસા વાળી જુની શરત ખેતીની ખુલ્લી જમીન **ધર્મેશભાઈ બાબુભાઈ પટેલ**નાએ તેઓની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા–ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો, બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હકક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દીન–૭માં** અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈના પણ હકક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે, તેવું સમજી મારા અસીલ સદર જમીન અંગેના ઉપરોકત માલીક સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર કે વાંધો–વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.તેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૦૮/૦૯/૨૦૨૬

ઓફીસ :– ૨૦૨, થી ૨૦૪, રોયલ આર્કેડ, કેનરા બેંકની બાજુમાં, ગીતાજંલી-એફીલ ટાવર રોડ, વરાછારોડ, સુરત. મો.નં. ૯૮૨૪૭–૬૩૮૦૨
ચંદ્રેશ જે. ગજેરા તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, ઓલપાડ સબ-ડિસ્ટ્રીકટ, મોજે **અંભેટા** ના રે.સ.નં./**બ્લોક નં. ૩૬૦/૧, ખાતા નં. ૮૩૦ થી નોંધાયેલી** જુની શરતની ખેતીની જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે.૦-૮૧-૪૪.૨૫ ચો.મી. યાને **૮૧૪૪.૨૫ ચો.મી.** છે. જેનો આકાર રૂા. ૧૦.૧૯ પૈસા છે. તે જુની શરતની ખેતીની જમીન **જતિનકુમાર માધવજીભાઈ કોશિયા તથા માધવજીભાઈ રામજીભાઈ કોશિયા** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહુ જમીનના એકલા, સ્વતંત્ર અને સંપુર્ણ માલીકો, પ્રત્યક્ષ કબજેદારો હોવાનું તથા સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, વંશ-વાલી-વારસો, ઇસમ, બેંક, સંસ્થા, ઈન્કમટેક્ષ કે કોઈપણ સરકારી/અર્ધ-સરકારી/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો કોઈપણ પ્રકારનો હકક-હિત-હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી જતા કર્યા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીનના માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં-વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૦૭/૦૯/૨૦૨૬

અલ્કેશ એન. ઠકકર તે ખરીદનારના એડવોકેટ & નોટરી
સરનામું: ૨૩૬, કેનાલ વોક શોપર્સ, પાલનપોર કેનાલ રોડ, પાલનપોર, સુરત.
મો. ૯૯૨૫૧–૩૩૨૨૫ ટેલી.નં. ૦૨૬૧–૨૭૩૨૭૩૪

વેચાણ/ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થી જણાવવાનું કે, નિચે જણાવેલ વર્ણન અને વિગત વાળી જમીન/મિલકત "(૧) જતીનભાઈ શીવરામભાઈ પટેલ તથા (૨) નીર્મલાબેન જતીનભાઈ પટેલ" નાઓએ પોતાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીન/મિલકતમાં કોઈપણ વ્યકિત કે સરકારી અર્ધસરકારી સંસ્થા નો કોઈપણ પ્રકારનો બોજો, લીયન ચાર્જ યા લાગભાગ, હકક, હિત, હિસ્સો, ઈઝમેન્ટરાઈટસ, વારસાહકક કે દરદાવો, અધીકાર યા વાંધો–વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ (સાત) માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો–વિરોધ, તર–તકરાર, લાગભાગ, હકક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે હકક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી શુદ્ધબુદ્ધી પુર્વક સદર જમીન/મિલકતનો, પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ યા જરૂરી કરારો મારા અસીલ જોગ કરી–કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો, વિરોધ, દાવા દુવી ચાલશે નહી અને તેની કોઈપણ જવાબદારી મારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

:: જમીન/મિલકત ની વિગત ::

ડીસ્ટ્રીકટ.સુરત, સબડીસ્ટ્રીકટ/તાલુકો. સુરત સીટી હાલ ઉધના, ના મોજે. પાંડેસરા ના રે.સર્વે નં.૧૨/૨ ના પ્લોટ નં. ૨૪ માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૭ વાળી મિલકત. જે પ્લોટ ની સાઈઝ પહોળાઈ ૧૫ ફુટ બાય ૮૦ ફુટ લંબાઈ યાને સુમારે ક્ષેત્રફળ. ૧૩૩.૩૩ ચો.વાર યાને ૧૧૦.૩૯ ચો.મી. છે. જેનો મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર.૩૦એ–૦૯–૧૯૯૧–૦–૦૦૧ થી ૦૦૨ છે. જે બાંધકામ સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તેમજ બહારના તમામ હકક, હિત, હિસ્સા સહીત.

અમારી સુચના થી.... (૧) જતીનભાઈ શીવરામભાઈ પટેલ (૨) નીર્મલાબેન જતીનભાઈ પટેલ

અમારી મારફત
મહેન્દ્ર પટેલ
મૃણાલ ભંડારી | મિલિન્દ પાનવાલા
એડવોકેટ્સ
ઓફીસ : એ/૫૧૦, પાંચમો માળ, તિરૂપતી પ્લાઝા, અઠવાગેટ, સુરત. મો. ૯૯૨૫૭ ૬૧૩૧૪

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

સુરત જિલ્લાના મજુરાના મોજે ગામ **સુલતાનાબાદના રે.સ./બ્લોક નંબર : ૧૧,** જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૮૦ (સુલતાનાબાદ-ભીમપોર)ના ઓરીજીનલ પ્લોટ નંબર : ૧૧, ફાઈનલ પ્લોટ નંબર : ૧૧ વાળી બિનખેતીની જમીન ઉપર આયોજિત **"માઈલસ્ટોન એકવાટીકા" ના નામથી ઓળખાતા કોમ્પલેક્ષમાં બિલ્ડીંગ નંબર : એ (મંજુર થયેલા પ્લાન મુજબ બિલ્ડીંગ નંબર : એ/૨–૧૧૦૨) માં અગિયારમા માળ ઉપર આવેલ ફલેટ નંબર : એ/૧૧૦૨** વાળી મિલકત કે જેનું સુપર બિલ્ટઅપ એરિયાનું ક્ષેત્રફળ સુમારે ૫૪૧૪ ચો.ફૂટ, તથા બિલ્ટઅપ એરિયાનું ક્ષેત્રફળ સુમારે ૪૦૧.૨૬ સ.ચો.મી. તથા કારપેટ એરિયાનું ક્ષેત્રફળ સુમારે ૩૩૪.૩૯ તે તથા તળની જમીનમાં વણ-વહેંચાયેલ હિસ્સાની પ્રમાણસર જમીન સહિતની મિલકતના માલિક **આશા બાલકૃષ્ણ શાહે** મજુકર મિલકત ઉપર પોતાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા, વપરાશમાં ચાલી આવેલ હોવાનું તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી તે સંદર્ભે સદરહુ મિલકત ઉપર કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, નાણાંકીય સંસ્થા યા અન્ય કોઈપણ વ્યકિત યા ઈસમનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, અધિકાર, દર-દાવો, કબજો-ભોગવટો ચાલી આવેલ હોય તો તેઓ આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૭ (સાત)**માં અમારા અસીલ તરફે અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરશો. તેમ ન થતા મુદત બાદ, કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, દર-દાવો, કબજો- ભોગવટો ન હતો અને નથી તથા જો હોય તો તે છોડી દીધેલ છે તેમ સમજી અમારા અસીલ મજકુર વેચનારને કિંમતી વેચાણ અવેજ ચૂકવી તેઓ પાસેથી વેચાણ દસ્તાવેજ સહિત જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. જે અંગે કોઈની તર-તકરાર ચાલી શકશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૦૮/૦૯/૨૦૨૬

અસીલની સૂચનાથી
મનીષ સી. મહેતા તથા **અમીષ સી. મહેતા** તથા **વિધિ એમ. મહેતા**
એડવોકેટ્સ એન્ડ નોટરી — એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ
ઓફિસ : ૩૧૧, વુડ સ્કવેર, વેલોસીટી બિલ્ડીંગની સામે, વાસુપુજયની બાજુમાં, અડાજણ, સુરત. (મો.) : ૯૮૨૫૬ ૮૨૫૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ, સીટી સબ–ડીસ્ટ્રીકટ, શહેર સુરતના સીટી તાલુકાના **મોજે ઉન** ના **સર્વે નં.૧૭/૧** વાળી બિનખેતીની પરવાનગી મુજબ પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૧, ૨, ૩ વાળી સુમારે ક્ષેત્રફળ ૩૨૭.૭૬ ચો.મી. વાળી જમીન ઉપર આયોજીત **"આસ્મા કોમ્પલેક્ષ"** નાં નામથી ઓળખાતી મિલકતમાં આવેલ દુકાનો પૈકી **દુકાન નં.૨** જેનું સુમારે ક્ષેત્રફળ ૨૧.૬ ચો.મી. વાળી બાંધકામ સહીતની મિલકત (જેનું સુરત મહાનગરપાલિકાનાં વેરાબિલ મુજબ વપરાશનું ક્ષેત્રફળ ૨૧.૩૭ ચો.મી. છે.) જેનું **મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર : 067D-05-0811-0-001** છે તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, હિત–હિસ્સા સહિતની તેમજ તેને લાગુ રોડ રસ્તા અને સી.ઓ.પી.નાં વણવહેંચાયેલ હિસ્સાની કુલ્લે દરોબસ્તવાળી મિલકતનાં માલિક, મુખત્યાર અને કબજા ભોગવટેદાર **મેહકુઝ મહમુદ ભાણા પટેલ** ચાલી આવેલ હતા તેઓનું તા.૨૭/૦૩/૨૦૨૦ નાં રોજ અવસાન થતા તેમનાં સીધીલીટીનાં વારસદારો **૧. ફરઝાના મેહકુઝ ભાણા પટેલ, ૨. ફરહાન મેહકુઝ ભાણા પટેલ, ૩. ફાતેમાબીબી તે મેહકુઝ ભાણા પટેલની પુત્રી તે હસન સોકત પટેલની પત્ની, ૪. મરીયમબીબી તે મેહકુઝ ભાણા પટેલની પુત્રી તે ડાયા મોહમદ અબ્દુલ સત્તારની પત્ની** ચાલી આવેલ છે.તેવું જણાવી મજકુરનાઓ સદરહુ મિલકત હમારા અસીલ **અમિર અલી શેર અલી બોધાણી** ને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલ ટૂંક સમયમાં મજકુર મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. પરંતુ સદર મિલકતનાં અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો તેમના કબજા ભોગવટામાંથી ગુમ કે ગેરવલ્લે થયેલ છે. સદરહુ મિલકત કે તેના અસલ દસ્તાવેજો સંદર્ભે કોઈને વાંધા, તર–તકરાર હોય યા કોઈના લાગભાગ, હકક હિસ્સા હોય અગર કોઈ વ્યકિત, બેંક યા નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં હમોને નીચેના સરનામે લેખિત પુરાવા સહિત જાણ કરવી. જો ઠરાવેલ મુદતમાં કોઈના વાંધા તકરાર આવશે નહી તો મજકુર મિલકત અંગે કોઈના કોઈપણ જાતના દરદાવા, હકક, હિસ્સો નથી યા હોય તો છોડી દીધેલા હોવાનું ગણી મજકુર મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મારા અસીલ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ખોવાઈ ગયેલ દસ્તાવેજોની વિગત

૧. અસલ વેચાણ દસ્તાવેજ નં.૪૩૦૫ તા.૨૯–૦૪–૧૯૮૩ તથા તેની રજીસ્ટ્રેશનની અસલ પાવતી.
૨. અસલ વેચાણ દસ્તાવેજ નં.૯૬૭૭ તા.૨૫–૦૮–૧૯૮૫ તથા તેની રજીસ્ટ્રેશનની અસલ પાવતી.
૩. અસલ વેચાણ દસ્તાવેજ નં.૧૧૫૭૬ તા.૨૩–૦૭–૧૯૯૮ તથા તેની રજીસ્ટ્રેશનની અસલ પાવતી.

ઓફિસ : યુ.જી.એફ–૧૪, નેશનલ પ્લાઝા કોમ્પલેક્ષ, ઉન, સુરત.
સુફિયાન આર. શેખ તે ખરીદનારના એડવોકેટ

// વેચાણ અંગેની જાહેર નોટિસ //

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ **સુરત,** સબ-ડીસ્ટ્રીકટ **અડાજણ (ચોર્યાસી), મોજે ગામ ઈચ્છાપોર** નાં **રે.સ.નં. ૭૧૨, ખાતા નં. ૨૧૯૫, ક્ષેત્રફળ ૨૭૯૨૩ ચો.મી.** વાળી બીનખેતીની જમીન **(૧) મેહુલ નાનજીભાઈ લાખાણી, (૨) કાળુભાઈ દેવરાજભાઈ લુખી, (૩) દિલીપ રીમનલાલ શાહ અને (૪) મહેન્દ્ર ચંદુલાલ શાહ** ની સંપુર્ણ માલીકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ, ભોગવટાની હોવાનું જણાવી અને સદરહુ જમીનનાં ટાઈટલ સંપુર્ણ કલીયર, ચોખ્ખા માર્કેટેબલ, વેચાણલાયક અને નિર્વિવાદિત હોવાનું જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ હકક, હિત, હિસ્સો, દર-દાવો, લાગ ભાગ, કબજો, બોજો, સોદાચિઠ્ઠી, સાટાખત કે બાનાખત, વીલ, વારસાઈ હકક, લીયન, એટેચમેન્ટ, ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ, મનાઈ હુકમ, વાંધા હોય તો દિન-૭ (સાત) માં દસ્તાવેજી પુરાવા સાથે લેખીતમાં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. નહિતર મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી યા છોડી દિધા છે યાને વેવ કરેલ છે તેમ ગણી હમારા અસીલ સદરહુ જમીનનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ. જેની નોંધ લેવી.

(તા.૦૮/૦૯/૨૦૨૬)
ઓફિસ : ૨૩૧, ગ્રીન એલીના, સાગર કોમ્પલેક્ષની બાજુમાં, આનંદ મહલ રોડ, અડાજણ,સુરત. મો. ૯૮૨૫૯૧૩૮૮૦
અમારા અસીલની સુચના અને ફરમાઈશથી
**